**મે.સુરતના ત્રીજી મજુર અદાલતના એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રીટ**

**શ્રી.એચ.કે.મેરીયા સાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.પ૩૧/૨૦૨૬**

**આંક–૯**

**ફરીયાદી– સરકાર પક્ષે શ્રી.એસ.એસ.શાહ,નિરીક્ષક,સુરત.**

**વિરુધ્ધ**

**આરોપી–(૧) ટોયો પ્રિન્ટસ પ્રા.લી.–સંસ્થા**

પ્લોટ નં.૧પ એ,બીજો માળ,જુબેર નગર કંમ્પાઉન્ડ,બીજો માળ,પંચશીલ નગર પાસે,બમરોલી રોડ,સુરત

**(૨) શ્રી રાજા સત્યદેવ માસ્ટર– ડિરેકટરશ્રી**

**C/O,ટોયો પ્રિન્ટસ પ્રા.લી.–સંસ્થા**

પ્લોટ નં.૧પ એ,બીજો માળ,જુબેર નગર કંમ્પાઉન્ડ,બીજો માળ,પંચશીલ નગર પાસે,બમરોલી રોડ,સુરત

**ગુનોઃ બોનસ ચુકવણી અધિનિયમ,૧૯૬પ ની કલમ–૨૭(૪) ના ભંગ બદલ**

**– ચુકાદો –**

ઉપરોકત જણાવેલ આરોપીઓ સામે ફરીયાદીશ્રી,સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરીયાદ નોંધવી છે.ત્યારબાદ આરોપીઓના સદરહું ગુન્હા માટે સમન્સ કાઢતા નામદાર કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને ફરીયાદની નકલ આપી.તેઓને ફરીયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે ગુન્હા અંગે સ્વૈચ્છિક કબુલાતનું લેખિત નિવેદન કરેલ છે જે આંક–પ અને ૬ થી રજુ કરેલ છે તેમજ આંક–૭ અને ૮ થી સ્વૈચ્છિક કબુલાત પુરસીસ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપીઓએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોય તેમની કબુલાત સ્વીકારી તેઓને ઉકત નિયમના ભંગ બદલ અધિનિયમની કલમ–૨૮ મુજબ

શિક્ષાને પાત્ર ગુન્હામાં તકસીવાર ઠરે છે.આરોપીઓ સામે આક્ષેપીત ગુનાનો પ્રકાર,ગુનાની ગંભીરતા,સજાનું પ્રમાણ,આરોપીની સામાજીક આર્થિક જવાબદારી,આરોપીનો પૂર્વો ઇતિહાસ ધ્યાને લઇ આરોપીને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર.પાના નં.૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

## – આખરી હુકમ –

આરોપીઓને બોનસ ચુકવણી અધિનિયમ,૧૯૬૫ ની કલમ–૨૭(૪) ના ઉલ્લંધન બદલ તકસીરવાર ઠરાવી દરેક આરોપીને **રૂ.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)**નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ સદર કામે **રૂ.૨,૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પુરા)** વસુલ મેળવવા.

આ હુકમ આજરોજ તા.૬,માહે–જુન,સને–૨૦૨૬ ના રોજ મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા. ૦૬/૦૬/૨૦૨૬
સ્થળઃ સુરત

**(હિતેન્દ્ર કરશનભાઇ મેરીયા)**
એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રીટ
મજુર અદાલત,સુરત
CODE NO.GJ01279